ધોરણ-૧૧,૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને NEET, JEE, PMT, ગુજકેટ અને જીસેટની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે કોચીંગ ફી માટેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: અનશ/૨૦૧૩/૧૩૫૬/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૩/૧૧/૨૦૧૪.

<u>વંચાણે લીધા:-</u>

આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૨/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: અનશ/૨૦૧૩/૧૩૫૬/ગ.

<u>ઠરાવ:-</u>

વંચાણે લીધેલ ઠરાવથી રાજ્યના આર્થિક નબળી સ્થિતિ ધરાવતાં અનુસૂચિત જનજાતિના ધોરણ-૧૧, ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સારા ગુણ સાથે પાસ થયેલ વિદ્યાર્થીઓને મેડીકલ, એન્જીનિયરીંગના પ્રવેશ માટેની NEET, JEE, PMT, ગુજકેટ અને જીસેટની પરીક્ષાઓની પૂર્વ તૈયારી કરવા માટે કોચીંગ ફી પેટે સહાય આપવા માટેની યોજના અમલમાં મુકવાનું રાજ્ય સરકારે ઠરાવેલ છે, જેને ઉક્ત ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. આ માટે રૂ.૪.૦૦ કરોડની નવી બાબતનો વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. આ યોજનાની અમલવારી માટે વિગતવાર શરતો અને બોલીઓ નક્કી કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે આ યોજનાની વિગતવાર શરતો અને બોલીઓ નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

(૧) આ યોજનાનો લાભ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ કે જેઓ ધોરણ-૧૦માં ૬૦% કે તેથી વધુ માર્ક્સ સાથે ઉત્તીર્ણ થયેલ હોય અને હાલમાં ધોરણ-૧૧, ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં હોય તે તમામને આપવાનો રહેશે.

(૨) આ યોજનાના અમલીકરણ માટે કોચીંગ આપવાની કાર્યવાહી ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી દ્વારા કરવામાં આવશે.

(૩) આ યોજના માટે વિદ્યાર્થીઓની પસંદગીની કાર્યવાહી સંબંધિત જિલ્લાના મદદનીશ કમિશનરશ્રી (આ.વિ.)/ આદિજાતિ વિકાસ અધિકારીશ્રી, ભુજ/ ડાંગ દ્વારા કરવાની રહેશે. આ માટે અનુસૂચિત જનજાતિના ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો રૂબરૂ સંપર્ક કરી યાદી તૈયાર કરી ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી (ડી-સેગ), ગાંધીનગરને પહોંચાડવાની રહેશે.

(૪) મદદનીશ કમિશનરશ્રી (આ.વિ.)/ આદિજાતિ વિકાસ અધિકારીશ્રી, ભુજ/ડાંગ દ્વારા વિદ્યાર્થીઓની યાદી તૈયાર કર્યા બાદ કયા વિદ્યાર્થીને કયા સ્થળે તાલીમ લેવાની સરળતા રહે તે મુજબ તાલીમ સ્થળ નક્કી કરીને યાદી ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી (ડી-સેગ), ગાંધીનગરને પહોંચાડવાની રહેશે.

(૫) આ યોજનાનો લાભ લીધેલ વિદ્યાર્થીઓએ મેડીકલ, એન્જીનિયરીંગના પ્રવેશ માટેની **NEET, JEE, PMT, ગુજકેટ અને જીસેટની** પરીક્ષાઓ આપવાની રહેશે.

(૬) આ યોજના માટે વિદ્યાર્થીદીઠ વધુમાં વધુ ૨ (બે) વર્ષમાં રૂ.૨૦,૦૦૦/- સુધીનો ખર્ચ કરવાનો રહેશે.

(૭) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ અન્ય શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૧૦) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૧) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર મળેલ સરકારશ્રીની તા.૩/૧૧/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય રા.ક. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

નાણા સલાહકારશ્રી (આ.વિ.) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સંયુક્ત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સચિવાલય, ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.

નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

મદદનીશ કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ.

સર્વે શાખાઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવને વેબ સાઈટ ઉપર મુકવાની વિનંતી સહ.

સિલેક્ટ ફાઈલ.